# પાલનપુરના સોનાના વેપારી સાથે સ્કીમના નામે રૂપિયા એક કરોડની છેતરપિંડી

## પાલનપુર અને દિલ્હીના ચાર શખ્સો સામે ફરિયાદ

પાલનપુર

પાલનપુરના રહેવાસી અને તાલુકાના ગઢ ગામે સોનાની દુકાન ધરાવતાં વેપારી સાથે સ્કીમના નામે રૂપિયા એક કરોડની છેતરપિંડી આચરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે પાલનપુરના એક અને દિલ્હીના ત્રણ મળી કુલ ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં ચકચારી બનેલી રૂપિયા એક કરોડની છેતરપિંડીના કિસ્સાની વિગતો એવી છે કે, પાલનપુર ખાતે પરપડા રોડ, શુકનગ્રીન સોસાયટીમાં રહેતા મહેશકુમાર મદનલાલ વર્મા તાલુકાના ગઢ ગામે જવેલર્સની દુકાન ધરાવે છે. જેઓ ચાર વર્ષ અગાઉ સિદ્ધપુર ખાતે સગુન કંપનીના સેમિનારમાં પાલનપુરના જીતેન્દ્ર રમેશભાઈ પટેલને મળ્યા હતા. અને એકબીજાની ઓળખાણ થઈ હતી.

દરમિયાન ૨૦૧૭માં જીતેન્દ્ર પટેલ આ વેપારીને પાલનપુર ખાતે એક હોટલમાં લઈ જઈ દિલ્હી એમ. એન.ઈ. બિઝનેસ સર્વિસ પ્રા. લી. કંપનીના ડિરેકટર લલીત વર્મા સાથે મુલાકાત કરાવી હતી. ત્યાંથી દિલ્હી લઈ જઈ કંપનીના એમ. ડી. નિકુલ યાદવ અને અકુ મીરજા સાથે મુલાકાત કરાવી હતી. જેમણે સ્કીમ સમજાવતાં મહેશ વર્માએ કંપનીની ફ્રેન્ચાઈજી લીધી હતી. અને તેમાં શરૂઆતમાં રૂપિયા ૨ લાખના દાગીનનું રોકાણ કર્યું હતું. અને અન્ય વેપારી મિત્રો પાસે પણ રોકાણ કરાવ્યું હતું. જોકે, કંપની ચલાવતાં શખ્સોએ તેમની સાથે રૂપિયા એક કરોડની છેતરપિંડી કરી હતી. આ અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે જીતેન્દ્ર રમેશભાઈ પટેલ, લલિત વર્મા, નીતિન યાદવ અને અકકુ મીરજા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કેવી રીતે છેતરપિંડી થઈ ?

મહેશભાઈ વર્માએ તેમના અન્ય વેપારી મિત્રો ગઢ ના દિનેશભાઈ સુથાર, ભરતભાઈ પટેલ, ખસા ના કેતનભાઈ પ્રજાપતિ, પાલનપુરના દીપકભાઈ મોઢ, નરેશભાઈ પટેલ, હરેશભાઈ વણસોલાએ કંપનીમાં રોકાણ કર્યું હતું. જોકે, સઁચાલકોએ નક્કી કરેલી સ્કીમ પ્રમાણે ૨૦ મહિનામાં ૬૦ ટકા સોનુ આપી અને દર મહિને મૂળ રકમના પાંચ ટકા વળતર આપવાનો ભરોસો આપી તમામ વેપારીઓ પાસેથી રૂપિયા એક કરોડથી વધુની રકમ જમા લઈ આ વેપારીઓને તેમનું સોનું તેમજ રકમ પરત ન આપી છેતરપીંડી આચરી હતી.



શહેરના લો ગાર્ડન વિસ્તારમાં શરૂ કરાયેલી હેરિટેજ સ્ટાઈલમાં હેપ્પી ફુડ સ્ટ્રીટ લોકોમાં જોરદાર આકર્ષણ જમાવે છે.



રક્ષાશકિત સર્કલે છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની સમસ્યા વધુ ઘેરી બનતી જાય છે. અહીં ટ્રાફિક નિયમન માટે કોઈ કાયમી વ્યવસ્થા નથી. વળી અવારનવાર રખડતા ઢોરો અહીં માર્ગ પર ઉતરી આવતા વાહનચાલકોને ખૂબ તકલીફ પડે છે.

# કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત સી.આઈ. પટેલ ઈગ્લિશ મિડિયમ સ્કૂલનો વાર્ષિક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૯

બદલાતા જતાં સમયમાં શિક્ષણમાં પરિવર્તન સાથે ટેલેન્ટ ખૂબ જ જરૂરી છે. દેશનું ભાવિ ઘડવાનું કામ મહત્વનું છે. યુવાધન આપણી સાચી મૂડી છે. તેનું સાચું ઘડતર દેશને ગૌરવ અપાવશે. તેમ રાજયના મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે કલોલ તાલુકા કેળવણી મંડળના ૭૧મા વાર્ષક ઉત્સવમાં મુખ્ય મહેમાન પદેથી બોલતાં જણાવ્યું હતું.

મંત્રી કૌશિકભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે જયારે આઝાદીની લડતનું આંદોલન ચાલતું હતું. તે સમય ૧૯૩૫મા આ સંસ્થાએ બાળકાને શિક્ષણ આપવાનું કામ શરૂ કર્યું હતું. ૫૦ વિદ્યાર્થીઓના બીજથી શરૂ થયેલ સંસ્થા ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાની સાથે ટેલેન્ટ આપવાનું કાર્ય કરતું વટવૃક્ષ બન્યું છે.

દેશની તમામ સમસ્યાઓનો ઉકેલ શિક્ષણ છે. જેનો વિચાર બીજ આ સંસ્થાએ આઝાદી પહેલા રોપ્યું હતું. આજના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સારી સુવિધાઓ છે. ટેક્નોલોજીના ઉપયોગથી આંગળીના ટેરવે સમગ્ર દુનિયાનું જ્ઞાન પોતાની હથેળીમાં મેળવી શકે છે. આ સુવિધાઓનો સદૂઉપયોગ કરી વ્યકિતગત રીતે આગળ વધવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

મંત્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે આપણને મહામૂલી આઝાદી મળી છે. હવે આપણે આઝાદી માટે ગોળીઓ ખાવાની કે ફાંસીએ ચઢવાની જરૂર નથી. પણ સ્વરાજયને સુરાજય બનાવવાનું છે. તેના માટે રાષ્ટ્ર અને સમાજ માટે કંઈકને કંઈક સારૂ કરવાની ભાવસાથે આગળ આવવું જોઈએ. તેમણે દાતાઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે રાષ્ટ્ર અને સમાજના બાળકોને પોતાના છે, તેમ માની રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ અદા કર્યુ છે. શિક્ષકો-વાલીઓ-ઉદ્યોગપતિઓ પ્રત્યેક સંપન્ન લોકોએ ચિંતા કરીને આપણી પરંપરા ભાવથી ગૌરવ અપાવ્યું છે. સરકારની મોટી જવાબદારી આવી સંસ્થાઓ એ ઉપાડી લીધી છે. જેમને હું કાયમ યાદ રાખુ છું. તેઓ અભિનંદનને પાત્ર છે.

# ઈન્સ્ટાગ્રામ પર પરિચય બાદ કિશોરીને ધમકાવી યુવકે ૧.૯૨ લાખ પડાવ્યા

સુરત,તા.૯

શહેરનાં નાના વરાછા વેપારીની ૧૬ વર્ષની પુત્રીને ઈન્સ્ટાગ્રામમાં યુવક સાથે પરિચય થયો હતો. બાદમાં કિશોરી યુવકનાં બાઈક પર બેસીને કોફી સેન્ટરમાં ગઈ હતી. ત્યાં યુવકે કિશોરીની મરજી વિરૂધ્ધ શારીરિક આડપલાં કર્યાં હતાં. તેમજ તેને ડરાવી ધમકાવીને તેની પાસેથી ૧.૯૨ લાખ રૂપિયા પડાવી લીધાં હતાં. કામરેજના વેલંજાના બેકાર ટીનએજર યુવાને મદદની જરુર છે તેવી વાતોમાં ભોળવીને ટુકડે-ટુકડે રૂપિયા ઉસેટી લીધા હતા. તરૂણીએ આ રકમ પિતાના લોકરમાંથી ચોરી-ચોરીને તેને આપી હતી. લબરમૂછીયા યુવાન સામે છેડતી, ડરાવી ધમકાવી પૈસા પડાવ્યાની ફરિયાદ બાદ સરથાણા પોલીસે તેની ધરપકડ કરી છે.

મૂળ અમરેલીનાં વતની અને સુરતના નાનાવરાછા વિસ્તારમાં રહેતા વેપારીની ૧૬ વર્ષીય પુત્રી ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. તરૂણીને છ મહિના પહેલા ઈન્સ્ટાગ્રામમાં ધ્રુવ રાજેસ ખૂંટની મિત્રતા થઈ હતી. કામરેજના વેલજા રંગોલી ચોકડી સુખ શાંતિ રો હાઉસ ઘર નં.૧૮૧માં રહેતા અને હાલ બેકાર ૧૯ વર્ષીય ધ્રુવ રાજેસ ખૂંટ અને કિશોરી બંને એકબીજાને મળતાં. જોકે, ધ્રુવ ખૂંટ મિત્રતાનો ગેર લાભ ઉઠાવવા લાગ્યો હતો. તરુણીનાં ઘરે આવી તેને પોતાની મોટરસાયકલ ઉપર ફરવા લઈ જતો હતો અને બંને પરવત પાટીયા કેનાલ રોડ ઉપર આવેલી કોફી શોપમાં જઈ બેસતા હતા. ત્યાં ધ્રુવ તરુણીને અડપલાં પણ કરતો હતો. થોડા સમય બાદ તેમજ કોઈના કોઈ બહાને ડરાવી ધમકાવીને તરૂણી પાસેથી પાસેથી ટુકડે ટુકડે કરીને કુલ રૂપિયા ૧,૯૨,૦૦૦ પડાવી લીધા હતાં.

વેપારીએ આ યુવક વિરુદ્ધ સરથાણા પોલીસ મથકમાં છેડતી અને ડરાવી પૈસા પડાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. સરથાણા પોલીસે ધ્રુવની ધરપકડ કરી હતી.

# અમદાવાદમાં કાપડ ફેકટરીમાં લાગેલી ભીષણ આગમાં મૃત્યુઆંક વધીને ૭ થયો

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં પીરાણા પાસે કાપડ બનાવતી ફેકટરીમાં લાગેલી ભીષણ આગ લાગતા વધુ ત્રણ શખ્સોના મોત થયા છે. જેથી કુલ મૃત્યુઆંક ૭ થયો છે. આગની ઘટના અંગે તપાસ કરવા એફએસલ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદના ફાયર ચીફ ઓફિસર એમ.એફ. દસ્તુરે પણ ઘટના સ્થળની મુલાકાત લીધી છે. તેમણે જણાવ્યુ હતુ કે, આગ બૂઝાવવા માટે ૬ લાખ લીટર પાણીનો મારો ચલાવવામાં આવ્યો. આગ લાગી ત્યારે યુનિટમાં ૨૦૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. અને જે મૃતદેહો મળ્યા છે..તે એટલી હદે ભૂંજાઈ ગયા છે કે તેની ઓળખ કરવી તંત્ર માટે પણ હાલ મુશ્કેલ બન્યુ છે. ફાયર સિસ્ટમ હતી પરંતુ એનઓસી લીધી નથી. જેથી આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે. કુલ ૩ માળની બિલ્ડીંગમાં ત્રીજા માળેથી આંગ લાગવાની શરૂ થઈ હોવાની આંશકા.

આગ લાગવનું કારણ હજી પણ અકબંધ છે. ફેકટરીમાં લાગેલી આગ ઓલવવા આધુનિક ક્રેનની પણ મદદ લેવામાં આવી હતી. શેડ તોડી ક્રેનની મદદથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો. મોટાભાગની આગ ઓલવાઈ ગઈ છે. પોલીસેનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી છે. નંદન ડેનિમ કંપનીના જે યુનિટમાં આગ લાગી હતી તેમાં કામ કરતા ૦૭ જેટલા કર્મીઓ મિસિંગ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતુ.

# ભરૂચની એક ઝૂપડપટ્ટીમાં ભીષણ આગ, ગરીબોની ઘરવખરી બળીને ખાક

શહેરના પશ્ચિમ વિસ્તારમાં હુસૈનીયા પાર્ક સોસાયટી નજીક દહેજ રેલ્વે લાઈનને અડીને ઝૂપડપટ્ટી આવેલી છે. જ્યાં આજે સવારના સમયે એકાએક આગ ફાટી નીકળતા દોડોધામ મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ૧૦થી વધુ ઝૂપડા આગમાં બળીને ખાક થઈ ગયા હતા.

# નલિયામાં પારો ગગડીને ૬.૨ થયો

## સવારમાં ફરી એકવાર ઠંડા પવનો ફુંકાયા : રાજ્યના અનેક ભાગોમાં પારો ૧૦-૧૧ ડિગ્રી વચ્ચે રહ્યો

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ફરીવાર ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આજે નલિયા ઠંડુગાર રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૬.૨ ડિગ્રી રહ્યું હતું જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પારો ૧૦થી ૧૧ ડિગ્રી વચ્ચે રહ્યો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આજે પ્રમાણમાં વધુ ઠંડી નોંધાઈ હતી. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૩થી ચાર ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે, ઠંડીના પ્રમાણમાં વધુ ઘટાડો થશે. આજે અમદાવાદમાં પારો ૧૨.૪, ગાંધીનગરમાં ૧૨ અને ડિગ્રીમાં ૧૧.૮ રહ્યો હતો. કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરવામાં ન આવી હોવા છતાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. સવારમાં ઠંડા પવનો ફુંકાયા હતા. નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં પારો ૬.૨ સુધી નીચે પહોંચી ગયો છે. ડિસામાં પણ લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી રહ્યું છે. રાજકોટમાં પારો ૧૨.૮ ડિગ્રી રહ્યો છે. ગુજરાતભરમાં ફરી એકવાર ઠંડા પવનોથી સવારમાં જનજીવન ઉપર અસર થઈ રહી છે. અમદાવાદમાં આજે પારો ૧૨.૪ રહ્યા બાદ આવતીકાલે સ્થિતિમાં સુધારો થઈ શકે છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી રહી શકે છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો આજે ૧૦થી ૧૪ વચ્ચે રહ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારો ઠંડીના સકંજામાં આવી ગયા છે. અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન આજની સરખામણીમાં વધી શકે છે અને પારો ૧૪ ડિગ્રી રહેશે. ઉત્તર ભારતમાં ઠંડીનો ચમકારો હાલમાં અનુભવાઈ રહ્યો છે. ધુમ્મસની ચાદર પણ અનેક વિસ્તારમાં જોવા મળી રહી છે. અમદાવાદમાં લોકો હજુ પણ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, હાલમાં દક્ષિણ પૂર્વના પવનો નીચી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. આવતીકાલે અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને વાદળછાયુ વાતાવરણ રહેશે નહીં.

# મુંબઈ-દિલ્હી વચ્ચે હાઈસ્પીડ ટ્રેનોની ગતિને વધારવા તૈયારી

## મુંબઈ-નવીદિલ્હી-અમદાવાદ રૂટ પર ૨૦૦ કિલોમીટર પ્રતિકલાક ઝડપે ટ્રેનો દોડાવવા તૈયારી : ટ્રેકમાં વધુ સુધાર

ગાંધીનગર, તા. ૯

મુંબઈથી નવી દિલ્હી વચ્ચે ચાલતી ટ્રેનોની ગતિ ૧૬૦થી ૨૦૦ કિલોમીટર પ્રતિકલાક કરવા માટે નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટમાં જાહેરાત કરી છે. આ અંતર કાપવા માટે હાલમાં ૧૫થી ૧૭ કલાક લાગે છે પરંતુ આને ૧૨ કલાકમાં લાવવાની શક્યતા પર કામગીરી ચાલી રહી છે. ડબલીકરણ તથા નવી રેલવે લાઈન બિછાવવાની કામગીરી જોરદારરીતે ચાલી રહી છે. આજ નાણાંકીય વર્ષમાં આ કામો પૂર્ણ કરવાના આદેશો પણ જારી કરવામાં આવી ચુક્યા છે. સામાન્ય બજેટના દિવસે રેલવેની કમાણીને વધારવા માટે ૧૫૦ ટ્રેનોને પીપીપી મોડલ પર ચલાવવાની જાહેરાત કરાઈ હતી. આ ઉપરાંત પ્રવાસી સ્થળોને જોડવા માટે નાના અંતરની તેજસ ટ્રેન દોડાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત રેલવેને કોઈ નવી ટ્રેનો, ફ્રિકવન્સીમાં વધારાની પણ જાહેરાત કરાઈ છે. પશ્ચિમ રેલવેના અધિકારીઓના કહેવા મુજબ બજેટની જાહેરાત થયા બાદથી હાથ ધરવામાં આવેલા કામોની સમીક્ષા કરવામાં આવી ચુકી છે. મુંબઈથી નવી દિલ્હીની વચ્ચે ટ્રેનોની ગતિ ૧૩૦થી ૧૩૫ કિલોમીટર પ્રતિકલાકની છે જયારે ટ્રેનોની સરેરાશ ગતિ ૮૦થી ૯૦ કિલોમીટર હોય છે. હાઈસ્પીડ ટ્રેન દોડાવવા માટેની કામગીરી ચાલી રહી છે. ટ્રેકમાં સુધારા કરવામાં આવી રહ્યા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં મુંબઈથી નવી દિલ્હી તથા અમદાવાદની વચ્ચે ટ્રેકોમાં સુધાર કરીને ટ્રેનોની ગતિ ૧૬૦થી ૨૦૦ કિમી પ્રતિકલાક કરવા પર કામગીરી ચાલી રહી છે. મુંબઈ-નવીદિલ્હી રાજધાની એક્સપ્રેસ મુંબઈથી સાંજે પાંચ વાગે રવાના થઈને સુરત સાંજે ૭.૩૦ વાગે પહોંચે છે પરંતુ આ અંતરને હાઈસ્પીડ ટ્રેનો દ્વારા ૧૨ કલાકમાં કાપવા માટે ટ્રેકને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મળેલી માહિતી મુજબ આગામી દિવસોમાં વધુ ઝડપથી ટ્રેનો દોડાવવાની યોજના રહેલી છે.

### માંગણી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજ્યમાં અમલી કરવાની જરૂર છે. સીપી જોશીએ એમ પણ કહ્યું હતું કે, નાગરિક કાનૂન રાજ્યનો નહીં બલ્કે કેન્દ્ર સરકારનો વિષય છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા કાનૂનને રાજ્યોમાં લાગૂ કરવાની જરૂર દેખાઈ રહી છે.

### ખોટા રહેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભાજપના નેતાઓ દિલ્હીમાં મતદાન બાદ શનિવારે પાર્ટી મીટિંગમાં સામેલ થયા હતા. કેન્દ્રીય મંત્રી અમિત શાહના નેતૃત્વમાં યોજાયેલી આ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આમ આદમી પાર્ટીની જીતના દાવાને વખોડતા જણાવ્યું કે, એક્ઝિટ પોલ ખોટા પુરવાર થઈ શકે છે. તેથી ભાજપ પરિણામની રાહ જોશે.

દિલ્હીની ચૂંટણીમાં ભાજપની જીત થશે તેમજ એક્ઝિટ પોલ્સ કરતા અંતિમ પરિણામ અલગ હશે. લોકસભા ચૂંટણીમાં પણ એક્ઝિટ પોલ્સ ખોટા પુરવાર થયા છે. અમને ગ્રાઉન્ડ રિપોર્ટની જાણ છે તેનાથી સારી પ્રતિક્રિયા મળતી જોવા મળી રહી છે. અમે ૧૧ ફેબ્રુઆરીએ સત્તામાં આવીશું. દિલ્હીના ભાજપ અધ્યક્ષ મનોજ તિવારીએ પણ એક્ઝિટ પોલ્સ ખોટા પુરવાર થવાની વાત કરી હતી. ત્યાં જ ભાજપના સાંસદ મીનાક્ષી લેખીએ પાર્ટીના વોટર્સ દિલ્હીમાં છેલ્લા સમયે મતદાન કરવા ગયા હતા. એક્ઝિટ પોલના આંકડા માત્ર ૪થી ૫ વાગ્યા સુધીના જ હોય છે. એક્ઝિટ પોલ્સ ખોટા પુરવાર પણ થયા છે.

### પાંચ દિવસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લઈને દર પાંચ વર્ષમાં સુધારા કરવાની જરૂર છે. આગામી વખતે ૨૦૧૭માં આ અંગે નિર્ણય થનાર હતો પરંતુ કોઈ નિર્ણય લેવાયો ન હતો. આ ઉપરાંત બેંક યુનિયનોની માંગ છે કે, સપ્તાહમાં બે દિવસની રજા હોવી જોઈએ. બેંક યુનિયન ઈચ્છે છે કે, ખાસ ભથ્થાઓને બેઝિક પગાર સાથે જોડી દેવાની જરૂર છે. ન્યુ પેન્શન સ્કીમને ખતમ કરવાની જરૂર દેખાઈ રહી છે. ફેમિલી પેન્શન સ્કીમમાં પણ સુધારા કરવાની જરૂર દેખાઈ રહી છે. બેંક કર્મચારીઓ વારંવાર હડતાળ ઉપર જઈ રહ્યા છે જેથી કેન્દ્ર સરકારના કર્મચારીઓના આ વર્તનને લઈને સામાન્ય લોકોમાં રોષ છે. એકબાજુ બેંકિંગ ક્ષેત્રને લઈને વિશ્વાસ જગાવવાના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે વારંવાર હડતાળથી પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે.

# ભાજપના વોટસએપ ગ્રુપમાં ફરી અશ્લીલ વિડિયો વિવાદ

## બિભત્સ હરકતને લઇ ભાજપની મહિલા કાર્યકરોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ : કાર્યકરને કાઢી મુકવાની માંગ

અમદાવાદ,તા. ૯

સુરતમાં ભાજપનું વોટ્સએપ ગ્રુપ ફરીથી અશ્લીલ વીડિયો પોસ્ટીંગના કારણે ચર્ચામાં આવ્યું છે. હાલમાં સુરતમાં ભાજપના કાર્યકરે વ્હોટ્સએપ ગ્રુપમાં ચાર અશ્લીલ વીડિયો શેર કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ હતી અને તેને પગલે સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. જેને લઈ સુરત ભાજપમાં મોટો વિવાદ સામે આવ્યો હતો. શિસ્તબધ્ધ અને નીતિવાળી પાર્ટી તરીકેની છાપ ધરાવતી ભારતીય જનતા પાર્ટીની ઈમેજને આ પ્રકારની ખુદ ભાજપના જ નેતાઓ અને કાર્યકરો દ્વારા સામે આવતી હરકતોને લઈ બહુ ગંભીર લાંછન લાગી રહ્યું છે. બીજીબાજુ, સુરત ભાજપ મહિલા પાંખમાં આ બનાવને લઈ ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી અને આવા કાર્યકરને પક્ષમાંથી હાંકી કાઢવા ઉગ્ર માંગ કરાઈ હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના લીંબાયત વોર્ડ નંબર-૨૪ના ભાજપના કાર્યકર કિશોર સોલંકીએ સુરત ભાજપના વોટ્સએપ ગ્રુપમાં કેટલાક અશ્લીલ વીડિયો શેર કર્યા હતા. જેને પગલે ભાજપની મહિલા કોર્પોરેટર, ધારાસભ્ય સહિત ગ્રુપ મેમ્બર મહિલાઓ પણ આ ગ્રુપની મેમ્બર હોઈ તેઓ ભારે શરમજનક અને ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ હતી. ભાજપની મહિલાઓ દ્વારા કિશોરને ગ્રુપમાંથી બહાર કાઢવાની માંગણી કરી હતી. દરમ્યાન સુરત કોંગ્રેસના નેતા બાબુ રાયકાએ ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા કે, ભાજપના કાર્યકરો, નેતાઓ અને આગેવાનો દારૂની મહેફિલ માણતાં અને આવા અશ્લીલ કાંડોમાં છાશવારે ખુલ્લા પડતા હોવાછતાં તેઓની વિરૂધ્ધ કોઈ જ કાર્યવાહી ભાજપના મોવડીમંડળ દ્વારા કરવામાં આવતી નથી, તે ખરેખર નિંદનીય અને શરમજનક કહી શકાય. હતા. અગાઉ પૂર્વ મેયર રાજેન્દ્ર દેસાઈએ પણ આ પ્રકારના મેસેજ વાયરલ કર્યા હતા. ભાજપની માનસિકતા અને નીતિરીતિ આવા બનાવોને પગલે પ્રજા સમક્ષ ખુલ્લી પડી જાય છે તેવું પણ રાયકાએ ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલાં જ સુરતના કોર્પોરેટર દારૂની મહેફિલ માણતાં રંગેહાથ ઝડપાયા હતા, તેમછતાં પક્ષ દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી, ત્યારે તેને લઈને પણ કોંગ્રેસે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

### આકર્ષણનું કેન્દ્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજિત આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓ દ્વારા ઈલેક્ટ્રીકલ, મિકેનિકલ અને ઓપ્ટિકસ ,સોલાર સાયન્સ,રોબોટીક બાયોલોજી, કેમેસ્ટ્રી, મેથેમેટિકસ જેવા વિષયો પર વિજ્ઞાન આધારિત વર્કિંગ મોડેલ બનાવવામાં આવ્યા હતા. જયારે વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા આ તમામ પ્રોજેકટસનુ પ્રદર્શન ક્રિએટીવ કાર્નિવલ અંતર્ગત કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત શાળામાં ચાલતી આર્ટ ઓફ ક્રાફટની પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન તૈયાર કરાયેલી વિવિધ કલાત્મક નમુનાઓનુ પણ નિદર્શન કરવામાં આવ્યુ હતુ. આ કાર્નિવલ દરમિયાન ફોમડોલ, કેનવાસ વર્ક, નેટબેગ વર્ક,પિસ્તા સેલ વર્ક, કાર્ડ બોર્ડ વર્ક સહીતના વિષય પર આધારિત ક્રાફટસના વિવિધ મોડેલનુ વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યુ હતુ. જયારે વિદ્યાર્થીઓ દ્વારા કાર્નિવલના મુલાકાતીઓ માટે ક્વિઝ તેમજ વિવિધ રમતોનુ પણ આયોજન કર્યુ હતુ. આ કાર્નિવલનો પ્રારંભ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી, શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશ સ્વામી, રામકૃષ્ણ સ્વામી, સહીતના સંતોએ કર્યો હતો. આ તબક્કે કેયુર પટેલ તેમજ સંસ્થાના ડાયરેકટર ઉમંગ વસાણી, આચાર્ય સંજયભાઈ રાવલ પણ હાજર રહ્યા હતા. ક્રિએટીવ કાર્નિવલ અંતર્ગત ન્યુરો વન હોસ્પિટલ અમદાવાદના સહયોગથી મેડિકલ કેમ્પનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનો શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ પણ લાભ લીધો હતો.

### ઉબડ ખાબડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્ય છે. જો કે પાણીની સમસ્યાને ડામવા માટે નવો બોર, સંપ અને ટાંકીનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

જયારે હવે તબક્કાવાર પાઈપ લાઈનની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે. જેના લીધે દરવર્ષે આકરી ગરમીના દિવસોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર પણ શાંત થશે જયારે છેલ્લા ઘણાં સમયથી ગ્રામ્ય વિસ્તારનુ રોડ નેટવર્ક પણ ઉબડ ખાબડ બન્યુ છે. ત્યારે શહેરની જેમ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની પણ સુધારણા કરવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ રજુઆત કરી છે. શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાના કામો ઝડપથી પુર્ણ કરવા માટે પણ સુર ઉઠવા પામ્યો છે.

### ગાબડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્યમાર્ગોની કોરણે સ્થિત સ્ટોર્મ વોટર લાઈનમાં ચેમ્બર તુટવાના લીધે આ પ્રકારની જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે. સેકટરોમાં પણ ગટર લાઈનના રીપેરીંગના અંતે યોગ્ય પુરાણ ન થતા આવી સ્થિતિ જોવા મળે છે. સે-૩ સી માં આ પ્રકારના બે ભયજનક ગાબડા સ્થાનિક રહીશો માટે મુસીબતનુ કારણ બન્યા છે. સે- ૩ સી માં ત્રણ ચારની ચોકડી નજીક સે-૩ માં જવાના રીંગ રોડ પર સાઈડમાં જ મોટુ ગાબડુ અસ્તિત્વમા આવ્યુ છે જેના લીધે વોકીંગ કરવા જતા સિનિયર સિટીઝન્સ પણ અનેક વાર અકસ્માતનો ભોગ બન્યા છે. માર્ગની સાઈડમાં અડીને જ ગટર લાઈનનુ ઢાંકણ તુટેલી હાલતમાં જોવા મળે છે. જેના લીધે મોટો ભયજનક ખાડો જોવા મળી રહ્યો છે. જયારે સે-૩ માંથી ગ માર્ગને જોડતા એપ્રોચ રસ્તા નજીક પાણીના વાલ્વની ચેમ્બરને પણ યોગ્ય રીતે ઢાંકવામાં આવી નથી જેના લીધે ગમે ત્યારે કોઈપણ વ્યકિત અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરના રીંગ રોડ પર આ પ્રકારના ગાબડા હોવાછતા તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. સ્થાનિક રહીશોએ પણ આ ગાબડા ત્વરિત પુરવા માટે માંગ ઉઠાવી છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

જનસંઘના નેતા અને ભવિષ્યમાં વડાપ્રધાન થનારા અટલ બિહારી વાજપેયીએ જે ભવ્ય અને ગરિમાપૂર્ણ અંજલિ અર્પી હતી એ શબ્દોને વર્તમાન શાસકોએ પણ મઢાવીને રાખવા જેવા છે. વાજપેયીમાં વડાપ્રધાન બનવાની ક્ષમતા નેહરુએ છેક ૧૯૫૭માં પિછાણી અને બિરદાવી હતી. નેહરુને અટલજીની સમગ્ર અંજલિ કાવ્યાંજલિ જ લાગે છે. એના થોડા અંશ અહીં પ્રસ્તુત છે: ‘‘મહર્ષિ વાલ્મીકિ ને રામાયણ મેં ભગવાન રામ કે સંબંધ મેં કહા હૈ કિ વે અસંભવોં કે સમન્વય થે. પંડિતજી કે જીવન મેં મહાકવિ કે ઉસી કથન કી એક ઝલક દિખાયી દેતી હૈ. વહ શાંતિ કે પુજારી થે, કિન્તુ ક્રાંતિ કે અગ્રદૂત થે; વે અહિંસા કે ઉપાસક થે, કિન્તુ સ્વાધીનતા ઔર સમ્માન કી રક્ષા કે લિયે હર હથિયાર સે લડને કે હિમાયતી થે. વે વ્યક્તિગત સ્વાધીનતા કે સમર્થક થે, કિન્તુ આર્થિક સમાનતા લાને કે લિયે બદ્ધ પરિકર થે.ઉન્હોંને કિસી સે સમજૌતા કરને મેં ભય નહીં ખાયા, કિન્તુ કિસી સે ભયભીત હોકર સમઝૌતા નહીં કિયા.ચીન ઔર પાકિસ્તાન કે પ્રતિ ઉનકી નીતિ ઈસી અદભુત સમ્મિશ્રણ કી પ્રતીક થી જિસમેં ઉદારતા ભી થી, દ્રઢતા ભી થી. યહ દુર્ભાગ્ય હૈ કિ ઉદારતા કો દુર્બલતા સમઝા ગયા, કુછ લોગોં ને ઉનકી દ્રઢતા કો હઠવાદિતા સમઝા.’’

‘‘સંસદ મેં ઉનકા અભાવ કભી નહીં ભરેગા. શાયદ તીન મૂર્તિ કો ઉન જૈસા વ્યક્તિ કભી ભી અપને અસ્તિત્વ સે નહીં સાર્થક કરેગા. યહ વ્યક્તિત્વ, યહ જિંદાદિલી, વિરોધી કો ભી અપને સાથ લેકર ચલને કી વહ ભાવના, વહ સજ્જનતા, વહ મહાનતા શાયદ નિકટ ભવિષ્ય મેં દેખને કો ભી નહીં મિલેગી. મતભેદ હોતે હુયે ભી, ઉનકે મહાન આદર્શો કે પ્રતિ, ઉનકી પ્રમાણિકતા કે પ્રતિ,ઉનકી દેશભક્તિ કે પ્રતિ, ઉનકે અટૂટ સાહસ ઔર દુર્દમ્ય ધૈર્ય કે પ્રતિ હમારે હ્દયો મેં , આદર કે અતિરિક્ત ઔર કુછ ભી નહીં હૈ.’’

સવાલ માત્ર ઈતિહાસના વિકૃતીકરણનો જ નથી, જે વિરાટ વ્યક્તિત્વ નામે અટલ બિહારી વાજપેયીએ જે પક્ષને માટે આયખું ઘસી નાંખ્યું અને સંઘ પરિવારે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો આલાપ જપીને સત્તાના સિંહાસન સુધી જે રાજકીય પક્ષને પહોંચાડ્યો એની વર્તમાન નેતાગીરીની ભાષા વાજપેયીના વ્યક્તિત્વ સાથે કેટલી મેળ ખાય છે એ પણ અજમાઈશ થઈ જવાની જરૂર છે. પ્રજા મૌન જ લાગે તો પણ એના મૌનમાં અટલજી અભિપ્રેત છે એ વાત તો નક્કી.

- hariesai@gmail.com